# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૭/૨૦૨૪, તા.૧૨/૭/૨૦૨૪

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૧૭/૭/૨૦૨૪ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન અને ટ્રાફિક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુકમ :**

આગામી તા.૧૭/૭/૨૦૨૪ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી તાજીયા નિકળશે અને નજીકના વિસ્તારોમાં ફરી છેવટે વિસર્જન અર્થે ભેગા થશે. આ દિવસે બપોર કલાક ૧૪.૦૦ થી કલાક ૨૪.૦૦ સુધી નીચે મુજબના જાહેર માર્ગો ઉપર અવર-જવરના સરળ ટ્રાફિક નિયમન માટે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: વાહન વ્યવહારની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ :-

૧) દિલ્હી ચકલાથી મિરઝાપુર તરફ તથા ઘી કાંટા તરફનો માર્ગ. (મિરઝાપુર રોડ તેમજ ઘી કાંટા રોડ)
૨) શાહપુર દરવાજા હવાબંદરથી મીરઝાપુર ચોક તરફ સુધીનો માર્ગ.
૩) રેવડી બજારથી રિલિફ રોડ તરફ વિજળીઘર સુધીનો માર્ગ
૪) જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ
૫) રાયખડથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ
૬) સારંગપુર સર્કલથી આસ્ટોડીયા દરવાજા અને ખમાસા સુધીનો માર્ગ
૭) નહેરુબ્રિજ તરફથી રૂપાલી સિનેમા તરફનો માર્ગ
૮) કામા હોટલ સર્કલ થી ખાનપુર દરવાજા સુધીનો માર્ગ
૯) રખિયાલ ચાર રસ્તાથી સારંગપુર સર્કલ સુધીનો માર્ગ
૧૦) વિક્ટોરીયા ગાર્ડન ચાર રસ્તાથી ઇટાલીયન બેકરી સુધીનો માર્ગ
૧૧) ખારુનાળાથી ખાસબજાર તરફનો માર્ગ
૧૨) રાયખડ ચાર રસ્તાથી મધર ટેરેસા ચોક સુધીનો માર્ગ
૧૩) જસવંત શોપ ફેક્ટરી તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ
૧૪) જલારામ મંદિરના ખાંચા તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ
૧૫) મ્યુનિસિપલ કોઠાથી દાણાપીઠ ચાર રસ્તા સુધીનો માર્ગ
૧૬) ખમાસા ચોકી તરફથી પારસી અગીયારી તરફનો માર્ગ
૧૭) જીલ્લા પંચાયત તરફથી ભદ્ર તરફનો માર્ગ
૧૮) વિજળીઘર ચાર રસ્તા તરફથી ભદ્ર તરફનો માર્ગ
૧૯) રિલિફ ચાર રસ્તા તરફથી ખાસ બજાર તરફનો માર્ગ
૨૦) પાનકોર નાંકાથી ભદ્ર મંદિર તરફનો માર્ગ

૨૧) સાબરમતિ નદીના પૂર્વ છેડે નહેરુબ્રીજ તથા એલીસબ્રીજની નીચે તાજીયા ઠંડા થવા માટે આવનાર હોય અને આ તહેવારમાં મોટી સંખ્યામાં લોકોની જનમેદની એકઠી થતી હોય જેથી નીચે જણાવેલ **(એ)** અને **(બી)** મુજબનો રિવરફ્રન્ટનો માર્ગ **"નો-વ્હીકલ ઝોન"** રહેશે.

**(એ)** પીકનીક હાઉસ રિવરફ્રન્ટ રોડ ટી થી સરદાર બ્રીજ તરફ જતો માર્ગ

**(બી)** સરદારબ્રીજ નીચેથી શાહીબાગ પીકનીક હાઉસ તરફ આવતો માર્ગ

## -: વૈકલ્પિક માર્ગ :-

**૧)** ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર તરફથી આવતા વાહનો આશ્રમ રોડ થઇ પાલડી ચાર રસ્તાથી જમાલપુર ઓવરબ્રિજ થઇ એસ.ટી. તથા ભુલાભાઇ ચાર રસ્તા થઇ કાંકરીયા થઇ ઝઘડીયા ઓવરબ્રિજ થઇ અવર-જવર કરી શકાશે.

**૨)** કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરવા માટે દિલ્હી દરવાજા, પ્રેમ દરવાજા થઇ ચોખા બજાર થઇ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરી શકાશે અને નરોડા તરફથી કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરવા માટે અમદુપુરા પોલીસ ચોકી થઇ કાલુપુર રેલ્વે ઓવરબ્રિજ થઇ આવ-જા કરી શકાશે. તેમજ રખિયાલ ચાર રસ્તાથી પોટલીયા ચાર રસ્તા થઇ સરસપુર ચાર રસ્તા થઇ કાલુપુર બ્રિજ થઇ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરી શકાશે.

**૩)** સાબરકાંઠા-હિંમતનગર તરફથી એસ.ટી. તરફ અવર જવર કરવા માટે નરોડા પાટીયા થી મેમ્કો-બાપુનગર થઇ અજીતમીલ થી હાટકેશ્વર સર્કલ થી ખોખરા સર્કલ-અનુપમ સર્કલ થઇ ગાયત્રી ડેરી થઇ ઝઘડીયા ઓવરબ્રિજ થઇ ફુટબોલ ચાર રસ્તા થઇ એસ.ટી. તરફ અવર જવર કરી શકાશે.

**૪)** અમદાવાદ શહેરના પુર્વ તથા પશ્ચિમ વિસ્તારને જોડતા સાબરમતી નદી પરના સુભાષબ્રીજ, દધિચીબ્રીજ, સરદારબ્રીજ, આંબેડકરબ્રીજ વાહનોની અવર-જવર માટે ચાલુ રહેશે.

શહેર વિસ્તારના તાજીયાનો સમગ્ર રૂટ **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

**અપવાદ :** આ જાહેરનામું ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી/ફરજ દરમિયાન લાગું પડશે નહી.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૭/૭/૨૦૨૪ ના કલાક ૧૪.૦૦ થી તાજીયા વિસર્જન પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૨/૭/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૨/૭/૨૦૨૪
અમદાવાદ શહેર.

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.